**રાજય ચૂંટણી આયોગનું કાર્યાલય**
**બ્લોક નંબર. ૯, ૬ ઠ્ઠો માળ**
**સરદાર પટેલ ભવન,**
**સચિવાલય,ગાંધીનગર**
**તારીખ : ૧૯–૧૧–૨૦૧૧**

**આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક**

**ભારતના સંવિધાનના ભાગ–૯ તથા ૯અ ની જોગવાઈઓ અનુસાર ગુજરાત રાજયમાં રચાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ અને તેને આનુષાંગિક બાબતો માટે રાજકીય પક્ષોની નોંધણી માટે જોગવાઈઓ કરવા આદેશ :**

---

**–: આદેશ :–**

રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી પક્ષીય ધોરણે લડવા રાજકીય પક્ષની નોંધણી કરવા માટે રાજય ચૂંટણી આયોગે ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૮૨૦૧૧–ક, તા.૯–૯–૨૦૧૧ તેમાં જણાવેલ ઉદ્દેશો અને જરૂરીયાતની નજરે મુસદ્દારૂપ આદેશ કરેલ હતો. આ આદેશ તમામ રાજકીય પક્ષો તથા સંબંધિતોને મોકલી આપવામાં આવેલ હતો. આ આદેશ અમલમાં મુકવા સંબંધે ચર્ચા વિચારણા / પરામર્શ કરવા રાજય ચૂંટણી આયોગ ખાતે તા.૧૪/૧૫–૧૦–૨૦૧૧ ના રોજ રાજકીય પક્ષો સાથે બેઠકો યોજવામાં આવેલ હતી.

રાજકીય પક્ષો સાથે કરેલ ચર્ચા વિચારણા / પરામર્શ તથા મળેલ વાંધા સૂચનોની આયોગે કાળજીપૂર્વક વિચારણા કરેલ છે. પુખ્ત વિચારણાના અંતે રાજય ચૂંટણી આયોગ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે રાજકીય પક્ષોની પોતે નોંધણી કરવાનું મુનાસીબ માને છે અને તેથી ભારતના સંવિધાનના આર્ટીકલ ૨૪૩–ક તથા ૨૪૩–વ–ક તથા સ્થાનિક કાયદા / નિયમો હેઠળ સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીઓના સંચાલન, દેખરેખ અને નિયંત્રણ માટે રાજય ચૂંટણી આયોગને મળેલ અધિકારની રૂઈએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટે રાજકીય પક્ષોની નોંધણી કરવા નીચે પ્રમાણે આદેશ કરે છે.

**ભાગ – ૧**

૧: આ આદેશ "ગુજરાત (સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે) રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧" કહેવાશે.

૨: આ આદેશ સમગ્ર ગુજરાત રાજયમાં તા.૦૧–૦૪–૨૦૧૨ થી અમલમાં આવશે અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીને લાગુ પડશે.

૩: વ્યાખ્યાઓ : આ આદેશના સંદર્ભમાં અન્યથા અપેક્ષિત ન હોય ત્યારે,

(૧) 'આયોગ' એટલે રાજય ચૂંટણી આયોગ ;

(૨) 'ભારતનું ચૂંટણી આયોગ' એટલે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨૪ હેઠળ રચાયેલ ભારતીય ચૂંટણી આયોગ ;

(૩) 'સ્થાનિક સ્વરાજયની સંસ્થા' એટલે ;

(ક) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલ પંચાયત ;

(ખ) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલ નગરપાલિકા અને ;

(ગ) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલ મહાનગરપાલિકા ;

(૪) 'પરિશિષ્ટ' એટલે આ આદેશનું પરિશિષ્ટ ;

(૫) 'માન્ય રાજકીય પક્ષ' એટલે ભારતીય ચૂંટણી આયોગ દ્વારા રાષ્ટ્રીય પક્ષ અથવા રાજય કક્ષાના પક્ષ તરીકે 'ચૂંટણી પ્રતિકો (અનામત અને ફાળવણી) આદેશ–૧૯૬૮ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) હેઠળ માન્યતા આપેલ રાજકીય પક્ષ અને આયોગે પણ નોંધણી કરેલ પક્ષ

(૬) 'નોંધાયેલ રાજકીય પક્ષ' એટલે આયોગ દ્વારા નોંધાયેલ રાજકીય પક્ષ ;

(૭) 'રાજય' એટલે ગુજરાત રાજય ;

(૮) 'ફકરો' એટલે આ આદેશનો ફકરો ;

(૯) આ આદેશમાં વાપરવામાં આવેલા પરંતુ વ્યાખ્યા નહિ આપેલા શબ્દો અને વાકય પ્રયોગોના અર્થ રાજયમાં અમલમાં હોય તે સંબંધિત કાયદા / નિયમો હેઠળ કરેલ વ્યાખ્યા કે આપેલ અર્થ પ્રમાણે રહેશે.

## <u>ભાગ – ૨</u>

### રાજકીય પક્ષોની નોધણી

૪: રાજકીય પક્ષોની નોધણીઃ–

(૧) કોઈપણ સંઘ / મંડળ કે સંસ્થા અથવા પોતાને રાજકીય પક્ષ તરીકે ઓળખાવતી વ્યકિતગત નાગરિકોની સંસ્થા અથવા ભારતીય ચુંટણી આયોગની અગાઉથી નોંધણી ધરાવતો રાજકીય પક્ષ કે જે આ આદેશ હેઠળ માન્યતા મેળવવા કે નોંધણી કરાવવા ઈરાદો રાખતો હોય તે પક્ષ રાજય ચૂંટણી આયોગ પાસે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષના ઉમેદવારો ઉભા રાખવા અને તેમને પ્રતિક ફાળવવા રાજકીય પક્ષ તરીકે નોંધણી કરાવવા પરિશિષ્ટ–૨ મુજબ અરજી કરશે. તે સિવાયનાએ એટલે કે, ભારતના ચૂંટણી આયોગની અગાઉથી માન્યતા ધરાવતા પક્ષે પરિશિષ્ટ–૧ પ્રમાણે અરજી કરવાની રહેશે. પરિશિષ્ટ–૧ અથવા ૨ સાથે પરિશિષ્ટ–૩ પ્રમાણેનું સોગંદનામું જોડવાનું રહેશે.

(૨) પેટા ફકરા (૧) પ્રમાણેની દરેક અરજી, સંઘ / મંડળ અથવા સંસ્થા અથવા રાજકીય પક્ષના પ્રમુખ / અધ્યક્ષ / સચિવ અથવા મુખ્ય કારોબારી અધિકારી (આવા મુખ્ય કારોબારી અધિકારી અથવા બીજા હોદ્દાથી ઓળખવામાં આવતા હોય) એ કરેલી હોવી જોઈશે. અરજી સચિવ, રાજય ચૂંટણી આયોગને રજૂ કરવાની રહેશે અથવા નોંધણી કરેલ ટપાલ (રજીસ્ટર્ડ

પોસ્ટ) થી સચિવને મોકલવાની રહેશે. માન્ય રાજકીય પક્ષના કિસ્સામાં અરજી રાજ્ય કક્ષાના ઉપર જણાવેલ પદાધિકારીઓ કરી શકશે.

(૩) આવી દરેક અરજીમાં નીચેની વિગતોનો સમાવેશ થયેલો હોવો જોઈશે.

(ક) સંઘ / મંડળ અથવા સંસ્થા અથવા રાજકીય પક્ષનું નામ ;

(ખ) તેની મુખ્ય કચેરીનું સરનામું ;

(ગ) પત્રો અને તે સંબંધે બીજો પત્ર વ્યવહાર જે સ્થળે મોકલવાનો થતો હોય તે સરનામું ;

(ઘ) તે સંસ્થાના અધ્યક્ષ / સચિવ / ઉપાધ્યક્ષ, કોષાધ્યક્ષ તથા અન્ય પદાધિકારીઓના નામો અને તેઓની નિમણૂંક / ચૂંટણી અંગેના ઠરાવોની નકલ ;

(ચ) તેના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું હોવું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ આપવી.

(છ) જો તેના સ્થાનિક એકમ / શાખા હોય તો કઈ કક્ષાએ / સ્થળે છે તેની વિગત

(જ) આ સંસ્થા, સંઘ / મંડળ કે રાજકીય પક્ષ રાજયની કોઈપણ સ્થાનિક સ્વરાજય સંસ્થામાં કોઈપણ પદાધિકારી / હોદ્દા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો સ્થાનિક સ્વરાજય સંસ્થાનું નામ તથા તેમાં હોદ્દો ધરાવતા સભ્યો / પદાધિકારીની સંખ્યાની વિગત ;

(ઝ) જો અરજદાર સંસ્થાએ ભારતના ચૂંટણી આયોગ સમક્ષ રાજકીય પક્ષ તરીકે માન્યતા પ્રાપ્ત કરેલ હોય કે નોંધાયેલ હોય તો રાષ્ટ્રીય પક્ષ, રાજ્ય કક્ષાના પક્ષ કે રજીસ્ટર્ડ પક્ષ તરીકે છે તે વિગત

પરંતુ માન્યતા પ્રાપ્ત / નોંધણી થયેલ રાજકીય પક્ષે ફક્ત મુદ્દા (ક), (ખ), (ગ), (ઘ) અને (ઝ) બાબતોની વિગત આપવી આવશ્યક રહેશે. આવા પક્ષે તેમની રાજય કક્ષાની કચેરીનું સરનામું આપવાનું રહેશે.

(૪) (ક) ઉપરના પેટા ફકરા (૧) પ્રમાણેની અરજી સાથે સંઘ / મંડળ કે સંસ્થા જે કોઈ નામથી ઓળખાતી હોય તેના પ્રમુખ / સચિવ અને બીજા ત્રણ સભ્યોની સહી સાથે બંધારણ, નિયમો, પેટા નિયમો, મેમોરેન્ડમ, રેગ્યુલેશન વિગેરેની નકલો આપવાની રહેશે. આવા મેમોરેન્ડમ, રેગ્યુલેશન, બંધારણ, નિયમો કે પેટા નિયમોમાં તેઓ ભારતના અખંડીતતા, એકતા અને સાર્વભૌમત્વનું સમર્થન કરતા હોવાની, સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને વિધિવત સ્થાપિત ભારતના બંધારણને વફાદાર અને તેમાં સાચી શ્રધ્ધાથી વિશ્વાસ ધરાવતા હોવાની સ્પષ્ટ જોગવાઈ હોવી જોઈશે.

માન્ય રાજકીય પક્ષના કિસ્સામાં મેમોરેન્ડમ, નિયમો કે રેગ્યુલેશન તેની રાષ્ટ્રીય અથવા રાજય કક્ષાની કારોબારી સમિતિના કોઈ ત્રણ સભ્યોની સહી સાથેનું રજૂ કરી શકાશે.

મેમોરેન્ડમ નિયમો કે રેગ્યુલેશનમાં તેના પ્રમુખ, સચિવ, ખજાનચી અને અન્ય હોદ્દેદારોની ચૂંટણીની લોકતાંત્રીક પધ્ધતી અને તેમના હોદ્દાની મુદતની વિગતોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

(ખ) ભારતના ચૂંટણી આયોગે માન્યતા આપેલ / નોંધણી કરેલ પક્ષની અરજી સાથે ભારતના ચૂંટણી આયોગે આપેલ માન્યતા ફાળવેલ / અનામત રાખેલ પ્રતિક અને પક્ષના બંધારણના દસ્તાવેજી પુરાવા જોડવાના રહેશે.

(૫) (ક) અરજી સાથે અરજદારે આદેશની જોગવાઈઓ વાંચી / સમજી છે અને આદેશની જોગવાઈઓ તેઓ દ્વારા નોંધાવા માંગતા રાજકીય પક્ષને બંધનકર્તા છે તે મતલબનું સોગંદનામું જોડવાનું રહેશે.

(ખ) અરજદાર પક્ષે, પક્ષ, પક્ષના નોંધાયેલ સભ્યો તથા પક્ષના ઉમેદવારો દ્વારા રાજય ચૂંટણી આયોગ દ્વારા અમલમાં મુકવામાં આવે તે આદર્શ આચાર સંહિતા તથા તે સંબંધી જારી કરવામાં આવેલ આદેશ / સૂચનાઓનું પાલન કરવામાં આવશે તે મતલબનું સોગંદનામું રજૂ કરવું પડશે.

(૬) અરજી સાથે સચિવ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના નામનો ગાંધીનગર ખાતેની બેંકનો રૂા.૧૫,૦૦૦/– (રૂપિયા પંદર હજાર) પુરાનો ડીમાન્ડ ડ્રાફટ પ્રોસેસીગ ફી તરીકે જોડવાનો રહેશે અને તે પરત મળવાને પાત્ર રહેશે નહિ.

(૭) રાજય ચૂંટણી આયોગ યોગ્ય જણાય તેની બીજી વિગતો અરજદાર સંઘ / મંડળ, સંસ્થા અથવા રાજકીય પક્ષ પાસેથી માગી શકશે.

(૮) પોતાની પાસેની ઉપર જણાવેલી તમામ વિગતો, સંબંધિત અન્ય જરૂરી બાબતો અને પરિબળો ધ્યાને લઈ અને સંઘ / મંડળ, સંસ્થા અથવા રાજકીય પક્ષના પ્રતિનિધિઓને સાંભળવાની વ્યાજબી તક આપીને રાજય ચૂંટણી આયોગ પોતાને યોગ્ય લાગે તેવી શરતો અને નિયંત્રણો સાથે સંઘ / મંડળ, અથવા સંસ્થા અથવા રાજકીય પક્ષને આ આદેશના હેતુ સારૂ રાજકીય પક્ષ તરીકે નોંધણી કરી શકશે અથવા નોંધણી ન કરવા નિર્ણય લઈ શકશે અને તેના નિર્ણયની જાણ સંઘ / મંડળ અથવા સંસ્થા કે રાજકીય પક્ષને કરશે.

પરંતુ જો અરજદાર સંઘ / મંડળ અથવા સંસ્થાના મેમોરેન્ડમ અથવા નિયમો અને રેગ્યુલેશન અથવા રાજકીય પક્ષનું બંધારણ ઉપરના પેટા ફકરા (૪) ની જોગવાઈઓને અનુરૂપ ન હોય તો આ પેટા ફકરા હેઠળ તેવા સંઘ / મંડળ અથવા સંસ્થા અથવા રાજકીય પક્ષની નોંધણી થઈ શકશે નહિ.

(૯) (૧) આ આદેશ અનુસાર રાજકીય પક્ષ તરીકે નોંધણી કરતા પૂર્વે, જાહેર જનતા પાસેથી, રાજકીય પક્ષનું નામ – સરનામું, તેના પ્રમુખ અને ફાળવવાના થતા સૂચિત પ્રતિકની વિગત સાથેની નોટિસ ગુજરાત સરકારના રાજયપત્રમાં છપાવી વાંધા સૂચનો મંગાવવાના રહેશે.

પરંતુ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષના કિસ્સામાં આવી નોટિસ છપાવવી જરૂરી રહેશે નહિ.

(૨) ઉપર પેટા ફકરા (૧) માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સરકારના રાજયપત્રમાં નોટિસ પ્રસિઘ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં જો કોઈ વાંધા સૂચનો મળેલ નહિ હશે તો રાજય ચૂંટણી આયોગ નોટિસમાં જણાવ્યા પ્રમાણે રાજકીય પક્ષની નોંધણી કરી શકશે.

(૩) જો કોઈ વાંધા સૂચન મળેલ હશે તો રાજય ચૂંટણી આયોગ તેની વિચારણા કરશે અને વાંધો ક્ષુલ્લક છે તેવું જાહેર થયે તે નામંજૂર કરશે અને રાજકીય પક્ષની નોંધણી કરશે. અન્યથા જો રાજય ચૂંટણી આયોગ વિચારે કે વાંધો પ્રાથમિક દ્રષ્ટિએ સાચો છે તો તે અરજદારને જણાવી પ્રતિભાવ મંગાવશે. પ્રતિભાવ મળ્યેથી રાજય ચૂંટણી આયોગ, પ્રાપ્ત દસ્તાવેજોના આધારે ગુણની દ્રષ્ટિએ નિર્ણય લેશે અથવા સંબંધિત પક્ષકારોને રૂબરૂ સાંભળી પછી નિર્ણય લેશે. રાજય ચૂંટણી આયોગનો નિર્ણય છેવટનો રહેશે.

(૪) આ આદેશ હેઠળ રાજકીય પક્ષ તરીકે નોંધણી કરાવવા અરજી કરનાર દરેક સંઘ / મંડળ અથવા વ્યકિતગત નાગરિકોની સંસ્થા એ બાબતની કાળજી લેશે કે નોંધણી માટેના સૂચિત રાજકીય પક્ષનું નામ, જાહેર જનતાના મનમાં કોઈ મુંઝવણ પેદા કરે તે રીતે રાજય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાઈ ચૂકેલ રાજકીય પક્ષના નામ સાથે સામ્યતા ધરાવતું ન હોવું જોઈશે. પોતાની મેળે અથવા નોંધાઈ ચૂકેલ રાજકીય પક્ષના નામ સામે નોંધણી કરવા માંગતા રાજકીય પક્ષનું નામ સામ્યતા ધરાવે છે તેવો જાહેર જનતા તરફથી કોઈ વાંધો ન મળે તો પણ આયોગ અરજી નામંજૂર કરવા સક્ષમ રહેશે. રાજકીય પક્ષ નામ બદલીને નવી અરજી કરી શકશે અને આવી અરજીની નવેસરથી તપાસ કરાશે. રાજય ચૂંટણી આયોગનો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૦) સંઘ / મંડળ અથવા સંસ્થા અથવા રાજકીય પક્ષની ઉપર જણાવેલ વિગતે રાજકીય પક્ષ તરીકે નોંધણી થયા પછી,

(ક) તેના નામ, વડી કચેરી, પદાધિકારીઓ, સરનામું કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયે વીના વિલંબે તેની જાણ આયોગને કરવાની રહેશે. તેના નામમાં ફેરફાર કરતા પૂર્વે તે મતલબની આયોગની મંજૂરી લેવાની રહેશે.

(ખ) આવો સંઘ / મંડળ અથવા સંસ્થા અથવા રાજકીય પક્ષ તેના આવક – ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષે ઉભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવારદીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(ગ) નાણાંકીય વર્ષ પુરૂ થયા પછીના એક વર્ષની અંદર, પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજય ચૂંટણી આયોગને આપવાની રહેશે.

(ઘ) સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી માટે રાજય ચૂંટણી આયોગે બહાર પાડેલી અને વખતોવખત બહાર પાડવામાં આવતી આચાર સંહિતાનો ચૂસ્તપણે અમલ કરવો જોઈશે.

(ચ) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા, અથવા મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓનું સંચાલન બળવત્તર કરવાના હેતુથી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

૫: રાજકીય પક્ષની નોંધણી રદ કરવા બાબત

(૧) આ આદેશમાં ગમે તે મજકુર હોય તેમ છતા રાજય ચૂંટણી આયોગને પોતાની મેળે અથવા તે મતલબે કોઈ અરજી મળેથી એવું માનવાને કારણ હોય કે,

(ક) નોંધણી કરેલ કોઈ પક્ષ દ્વારા આ આદેશની જોગવાઈઓનું પાલન થતું નથી તો ; અથવા

(ખ) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટેની આચાર સંહિતાનું (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ઉલ્લંઘન કે તેનો ભંગ કરવામાં આવે છે કે તેનું પુરેપુરૂ પાલન કરવામાં આવતું નથી તો ; અથવા

(ગ) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા અથવા મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓનું સંચાલન બળવત્તર કરવાના હેતુથી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરવામાં આવતો નથી તો ; અથવા

(ઘ) આચાર સંહિતા અને તે હેઠળની સૂચનાઓનું પાલન કરવાનો ઈન્કાર કરવાના પ્રસંગે કે આચાર સંહિતાના ઉલ્લંઘન કે ભંગ થયાનું જણાયેથી અથવા તેનો ભંગ થયેથી અથવા આવો ભંગ થયાનું આયોગના ધ્યાન પર લાવ્યેથી ;

આવા પક્ષને, તમામ સંજોગો અને મહત્વની તમામ હકીકતો ધ્યાને લઈ તેની સામે લેવા વિચારેલ પગલાં જણાવી કારણો બતાવવાની વ્યાજબી તક આપીને આયોગને જો પક્ષે રજૂ કરેલ ખુલાસો પુરતો નથી તેવો સંતોષ થાય ત્યારે આવા

પક્ષની નોંધણી રદ કરવા આયોગ સક્ષમ રહેશે તેમજ તેનું નામ નોંધાયેલા રાજકીય પક્ષોની યાદીમાંથી દૂર કરશે અને તેના પરિણામ માટે રાજકીય પક્ષ જવાબદાર રહેશે.

(૨) જો કોઈ નોંધાયેલ રાજકીય પક્ષ તેની નોંધણી રદ કરવા રાજ્ય ચૂંટણી આયોગને અરજી કરે અને આયોગને સંતોષ થાય કે આવા પક્ષના બહુમતી સભ્યો દ્વારા આવી દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે, ત્યારે આયોગ આવા પક્ષની નોંધણી રદ કરી શકશે.

૬: સૂચનાઓ આપવાની આયોગની સત્તા બાબત

આયોગ નીચેની બાબતો સંબંધે સૂચનાઓ અને નિર્દેશો આપી શકશે.

(ક) આ આદેશની જોગવાઈઓ પૈકીની કોઈ સ્પષ્ટતા કરવા માટે ;

(ખ) આવી જોગવાઈઓના અમલ સંબંધે ઉપસ્થિત થતી મુશ્કેલીઓ દૂર કરવા માટે ; અને

(ગ) રાજકીય પક્ષોની નોંધણી સંબંધે કોઈ બાબત જે સંબંધે આ આદેશમાં કોઈ જોગવાઈ થઈ ન હોય અથવા અપુરતી જોગવાઈ થઈ હોય અને આયોગના મંતવ્ય પ્રમાણે ચૂંટણીઓના સરળ અને કાર્યક્ષમ સંચાલન માટે જોગવાઈ જરૂરી છે.

૭: ભારતના ચૂંટણી આયોગ દ્વારા માન્ય રાજકીય પક્ષો કે રજીસ્ટર્ડ પક્ષોએ આ આદેશ અનુસાર સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી માટે રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર પાસે તા.૩૧–૧–૨૦૧૨ સુધીમાં પક્ષની નોંધણી કરવા અરજી કરવાની રહેશે. અરજી ન કરનાર પક્ષના ઉમેદવારને રાજકીય પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર ગણવાનો કે તેઓને તેમના પક્ષનું અનામત પ્રતિક મેળવવાનો હકક રહેશે નહિ.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**બિડાણ : ઉપર પ્રમાણે**

**( પી. એસ. શાહ )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

પ્રતિ,

- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી (સંબંધિત)
- જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેકટરશ્રી તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
- નિવાસી અધિક કલેકટરશ્રી / પ્રાંત અધિકારીશ્રી / મામલતદારશ્રી તમામ...........(કલેકટરશ્રી મારફતે)
- નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ............(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ.............(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)

*નકલ રવાના:–*

- મુખ્ય સચિવશ્રી,ગુજરાત રાજ્ય,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ / શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ / સામાન્ય વહીવટ વિભાગ, સરદાર પટેલ ભવન, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ / તાલુકા / જિલ્લા પંચાયત – મહાનગરપાલિકા / નગરપાલિકા (કલેકટરશ્રી મારફતે)
- વ્યવસ્થાપકશ્રી સરકારી મધ્યસ્થ પ્રેસ,ગાંધીનગર
  આ આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ૪–સી માં તાત્કાલિક પ્રસિદ્ધ કરી ગેઝેટની ૩૦ નકલો આ કાર્યાલયને તથા ૫–૫ નકલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા ૫–૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને અને કલેકટરશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી છે.
- સર્વે રાજકીય પક્ષો
- સંયુકત સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ ચૂંટણી કમિશ્નર ૧–૨ / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવ, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સિલેકટ ફાઈલે.

**પરિશિષ્ટ : ૧**
**રાજકીય પક્ષ તરીકે નોંધણી કરાવવાની અરજીનો નમૂનો**
**(જુઓ આદેશનો ફકરા નં. ૪)**

**પ્રતિ,**
**સચિવશ્રી,**
**રાજય ચૂંટણી આયોગ,**
**બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,**
**નવા સચિવાલય,**
**ગાંધીનગર.**

**સાહેબશ્રી,**

રાજય ચૂંટણી આયોગના "ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧" હેઠળ ...................................... (પક્ષનું નામ) ને રાજકીય પક્ષ તરીકે નોંધવા આથી આપને વિનંતી કરવામાં આવે છે. આ આદેશ મુજબની જરૂરી વિગતો નીચે પ્રમાણે રજૂ કરવામાં આવે છે.

(૧) રાજકીય પક્ષનું નામ :–
(૨) તેની વડી કચેરીનું સરનામું :–
(૩) તેની રાજય એકમની કચેરીનું સરનામું :–
(૪) પત્રો અને તે સંબંધે બીજો પત્ર વ્યવહાર મોકલવાનું સરનામું :–
(૫) તેના પ્રમુખ / અધ્યક્ષ, સચિવ, ખજાનચી અને અન્ય પદાધિકારીઓના નામ / સરનામા :–

૨. નીચેના દસ્તાવેજો / વિગતો આ સાથે બીડેલ છે.

(૧) પ્રોસેસીંગ ફી તરીકેનો સચિવ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના નામનો ગાંધીનગર ખાતે ચૂકવણી થઈ શકે તેવો રૂા.૧૫,૦૦૦/– (રૂપીયા પંદર હજાર ફકત) પુરાનો ડીમાન્ડ ડ્રાફ્ટ,

(૨) પક્ષના બંધારણ / મેમોરેન્ડમ, નિયમો, પેટા નિયમો, નિયમનોની પક્ષના રાષ્ટ્રીય અથવા રાજય કક્ષાની કારોબારી સમિતિના ત્રણ સભ્યોની યોગ્ય રીતે સહી કરેલી નકલ જેમાં એવી સ્પષ્ટ જોગવાઈ છે કે પક્ષ વિધિવત સ્થાપિત ભારતના સંવિધાન પ્રત્યે વફાદારી અને ખરી શ્રધ્ધા ધરાવે છે અને સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતોને અને ભારતની અખંડીતતા, એકતા અને સાર્વભૌમત્વનું સમર્થન કરે છે.
તેમાં પ્રમુખ / અધ્યક્ષ, સચિવ, ખજાનચી અને અન્ય પદાધિકારીઓની ચૂંટણીની લોકતાંત્રીક પધ્ધતિ અને હોદ્દાની મુદતની જોગવાઈઓ છે,

(૩) ભારતના ચૂંટણી આયોગે પક્ષને આપેલ માન્યતાનો દસ્તાવેજી પુરાવો અને પ્રતિક ફાળવણીના જાહેરનામાની નકલ (જો આવું પ્રતિક અનામત રાખ્યું હોય તો),

(૪) પરિશિષ્ટ–૩ મુજબનું સોગંદનામું.

સ્થળ : આપનો વિશ્વાસું,

તારીખ :

પક્ષના મહામંત્રી / પ્રમુખ / અધ્યક્ષ

## પરિશિષ્ટ–ર

## રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા માટેની અરજીનો નમૂનો

## (જુઓ આદેશનો ફકરા નં. ૪)

પ્રતિ,
સચિવશ્રી,
રાજય ચૂંટણી આયોગનું કાર્યાલય,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.

સાહેબશ્રી,

રાજય ચૂંટણી આયોગના "ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧" હેઠળ ................................... (સંઘ/મંડળ/સંસ્થા/રાજકીય પક્ષનું નામ) ને રાજકીય પક્ષ તરીકે નોંધવા આથી આપને વિનંતી કરવામાં આવે છે. આ આદેશ મુજબની જરૂરી વિગતો નીચે પ્રમાણે રજૂ કરવામાં આવે છે.

(ક) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષનું નામ :–

(ખ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષની મુખ્ય કચેરીનું સરનામું :–

(ગ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષની રાજય કક્ષાનું કચેરીનું સરનામું :–

(ઘ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષને પત્રો મોકલવા અને
અન્ય સંદેશા વ્યવહાર કરવા માટેનું સરનામું :–

(ચ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષના અધ્યક્ષ / સચિવ / ખજાનગી તથા અન્ય પદાધિકારીઓના નામ અને તેમની ચૂંટણી અંગેના પક્ષના ઠરાવની નકલ :–

(છ) તેના સભ્યોનું સંખ્યાબળ અને સભ્યોના વર્ગો હોય તો દરેક વર્ગનું સંખ્યાબળ :–

(જ) ઓછામાં ઓછા ૧૦૦ સદસ્યોના નામો, તેમનો વર્ગ અને મતદાર યાદીની તેમના નામ સાથેની અદ્યતન પ્રમાણિત નકલ :–

(ઝ) તે પક્ષની કોઈ સ્થાનિક શાખા હોય તો કયા સ્થળે છે?

(ટ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષ રાજયમાંથી કોઈપણ સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં કોઈ હોદ્દેદારો અથવા સભ્યો તરીકે તેનું પ્રતિનિધિત્વ કરતા હોય તો તેની સંખ્યા, સ્થાનિક સ્વરાજયની સંસ્થાના નામો અને જે તે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં તેના સદસ્યોની સંખ્યા :–

(ઠ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષની સ્થાપના / રચનાની તારીખ :–

(ડ) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષ હેતુ માટે રચાયેલ છે તે ઉદ્દેશો / સિધ્ધાંતો :–

(ઢ) પાલન / અનુસરણ કરવા માંગતી નીતિઓ, હેતુઓ અને ઉદ્દેશો :–

(ણ) નીતિઓ, હેતુઓ અને ઉદ્દેશોના અમલ કરવાના હેતુ સારૂ તેના કાર્યક્રમો, કામગીરી અને પ્રવૃત્તિઓ :–

૨ઃ નીચેના દસ્તાવેજો / વિગતો આ સાથે બીડેલા છે.

(૧) પ્રોસેસીગ ફી તરીકેનો સચિવ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના નામનો ગાંધીનગર ખાતે ચૂકવણી થઈ શકે તેવો રૂા.૧૫,૦૦૦/– (રૂપિયા પંદર હજાર ફકત) પુરાનો ડીમાન્ડ ડ્રાફટ)

(૨) સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષની કારોબારી સમિતિના ત્રણ સભ્યોએ યોગ્ય રીતે સહી કરેલા પક્ષના બંધારણ / મેમોરેન્ડમ, નિયમો, નિયમનોની નકલ. તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ છે કે પક્ષ વિધિવત સ્થાપિત ભારતના સંવિધાન પ્રત્યે વફાદારી અને સાચી શ્રધ્ધા ધરાવે છે અને સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સીધ્ધાંતો અને ભારતની અખંડિતતા, એકતા અને સાર્વભૌમત્વનું સમર્થન કરે છે.

તેમાં પ્રમુખ / અધ્યક્ષ, મંત્રી, ખજાનગી અને અન્ય પદાધિકારીઓની ચૂંટણીની લોકતાંત્રીક પધ્ધતિ અને હોદ્દાની મુદતની જોગવાઈઓ છે.

(૩) પરિશિષ્ટ–૩ મુજબનું સોગંદનામું.

આપનો વિશ્વાસું,

સ્થળ : ( સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષના

તારીખ : મહામંત્રી / અધ્યક્ષ / પ્રમુખ )

## પરિશિષ્ટ–૩
## સોગંદનામાનો નમૂનો
## (સોગંદનામું પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ / પબ્લીક નોટરી સમક્ષ)

## સોગંદનામું

પ્રતિ,
સચિવશ્રી,
રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

શ્રીમાન,

હું ............................................ ( અરજદારનું નામ ) ................. (સંઘ/મંડળ/સંસ્થા/રાજકીય પક્ષનું નામ) વતી સોંગદપૂર્વક જાહેર કરૂ છું કે મેં "ગુજરાત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષોની નોંધણી આદેશ–૨૦૧૧" ની જોગવાઈઓ વાંચી અને સમજી છે અને ઉપર જણાવેલ પક્ષની નોંધણી કરવામાં આવે તો સદરહુ પક્ષ

(૧) ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.
(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજય ચૂંટણી આયોગ ગુજરાતે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાની તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો / સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.
(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુકત, ન્યાયી, અને શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન બળવત્તર બનાવવાના હેતુથી રાજય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે.
(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામુ, રાજય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય / રાજય કક્ષાના હોદ્દેદારોના નામ કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજય ચૂંટણી આયોગને જાણ કરશે. રાજય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવીને પક્ષના નામમાં ફેરફાર કરાશે.
(૫) રાજય ચૂંટણી આયોગ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીના નિયુકત ચૂંટણી અધિકારીને પક્ષે ઉભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યકિતના નામ અને સહીના નમૂના મોકલશે.

હું વધુમાં જાહેર કરૂ છું કે મે રજૂ કરેલ માહિતી / વિગતો મારી ઉત્તમ જાણકારી અને માન્યતા મુજબ સાચી છે અને કોઈપણ પ્રકારની માહિતી / વિગતો છુપાવવામાં આવી નથી.

આપનો વિશ્વાસું,

સ્થળ : ( સંઘ / મંડળ / સંસ્થા / રાજકીય પક્ષના

તારીખ : મહામંત્રી / અધ્યક્ષ / પ્રમુખ )